| | |
|---|---|
| દાવો રજુ તારીખ : | ૨૭/૦૧/૨૦૧૦ |
| દાવો રજી તારીખ : | ૨૭/૦૧/૨૦૧૦ |
| દાવો ફેસલ કર્યા તારીખ: | ૧૬/૦૮/૨૦૨૪ |
| અવધિ : | વર્ષ–માસ–દિવસ<br>૧૪– ૦૬ – ૨૦ |

**ખાંભાના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલશ્રીની કોર્ટ સમક્ષ, જિ.અમરેલી.**

**રે.દિ.મુ. નં.૦૨/૨૦૧૦**
**આંક :**

**વાદી :** ૧. હિંમતભાઇ કેશવજીભાઇ તરસરીયા, ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી, રહે.ગીદરડી, તા.ખાંભા, જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી ઓ :** ૧. ગુજ.હરીલાલ કેશવજીભાઇ તરસરીયાના વારસો,
૧.૧ ગુજ.રસીકભાઇ હરીભાઇ તરસરીયાના પત્નિ મંજુલાબેન રસીકભાઇ, ઉ.વ.પુખ્ત, ધંધોઃઘરકામ,
૧.૨ ગોરધનભાઇ હરીભાઇ તરસરીયા, ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી,
૧.૩ મનસુખભાઇ હરીભાઇ તરસરીયા, ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી,
૧.૪ ધીરૂભાઇ હરીભાઇ તરસરીયા, ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી,
૧.૫ નર્મદાબેન ડો/ઓ હરીભાઇ કેશવભાઇ તરસરીયા,(એબેટ)
૧.૬ કાંતાબેન ડો/ઓ હરીભાઇ કેશવભાઇ તરસરીયા,ઉ.વ.પુખ્ત, ધંધોઃઘરકામ,

૨. ગુજ. પ્રાણલાલ કેશવજીભાઇ તરસરીયાના વારસો,
૨.૧ ઉજીબેન પ્રાણલાલભાઇ તરસરીયા,(એબેટ)
૨.૨ મહેન્દ્રભાઇ પ્રાણલાલભાઇ તરસરીયા,ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી,
૨.૩ મહેશભાઇ પ્રાણલાલભાઇ તરસરીયા, ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી,

૩. નંદલાલભાઇ કેશવજીભાઇ તરસરીયા,ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી,

રહે.બધા ગીદરડી, તા.ખાંભા, જિ.અમરેલી.

રહે.પ્રતિવાદી નં.૩, હાલ સુરત–૪,ઠે.કતારગામ, સીંગણપોરોડ, ખોડીયાર કૃપા એપાર્ટમેન્ટ, બ્લોક ૧૧૨.

**દાવો :–** **<u>રૂા.૧૦૦૦/– ના આંકથી હકક સ્થાપન તથા કાયમી તાકીદ મળવા બાબત...</u>**

- વાદીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી વી. એમ. શર્મા.
- પ્રતિવાદી નં.૧ અને ૩ તરફે વિધ્વાન વકીલ શ્રી એસ. એન. જોષી.
- પ્રતિવાદી નં.૨ તરફે વિધ્વાન વકીલ શ્રી એમ. એ. પઠાણ.

**<u>: ચુકાદો :</u>**

**(૧) વાદીની દાવા અરજીની ટૂંકમાં હકિકત :–** વાદી ઉપરોક્ત સરનામે રહે છે અને આ કામનાં પ્રતિવાદીઓ પણ ગીદરડી ગામે રહે છે. પ્રતિવાદી નં.૩ ના હાલમાં તેમના પુત્ર ધંધો કરતાં હોય તેમની સાથે સુરત મુકામે રહે છે. તેમના મૈચત પિતા કેશવજીભાઈ જેઠાભાઈ તરસરીચાનું અવસાન તેમની નાની વયમાં થવા પામેલ તેમનું અવસાન તા.૧૬ /૧૦/૧૯૫૪ ના રોજ થયેલ તે સમયે વાદીની નાની ઉમર હતી અને તેમના માતુશ્રીનું અવસાન આશરે ૧૯૭૪ માં થવા પામેલ છે તે સમયે વાદીની વય આશરે ૧૭ કે ૧૮ વર્ષની હતી. તેમના પિતાને વાદી તથા ઉપર જણાવેલ પ્રતિવાદીઓ સાથે મળી કુલ ચાર ભાઈઓ તથા બે બહેનો નામે દુધીબેન કેશુભાઈ તથા ચમ્પાબેન કેશુભાઈ જે બંને ક્રમશઃ ભુંડણી તા.ખાંભા તથા હાડીડા તા.સાવરકુંડલા ગામે તેમના સાસરીયે છે. આ રીતે તેઓ તેમના પિતાના તેઓ કુલ સંતાનો છે.

વાદી દાવા અરજીમા વધુમા જણાવે છે કે, વાદીના પિતાશ્રીની કબજા ભોગવટા માલીકીની ગીદરડી ગામે સીમતળના ખાતા નં.૧૧૯ ની સર્વે નં.૧૩, ૬૧, ૭૫, ૬૬, ૯૭, ૯૯, ૧૦૮, ૧૦૯, ૧૧૦/૧ ,૧૧૧/૧ વિગેરે સર્વે નંબરોની જમીનો તેમના નામે

ચાલતી અને તેમાં તેમના પિતાના અવસાન થતાં સીધીલીટીના તમામ વારસદારના નામ વારસાઈ હકકની કાયદેસર નોંધ ન પાડવા અંગે વાદીની તકરાર પ્રતિવાદીઓ સામે ચાલે છે તે આ દાવાની વિષયવસ્તુ ન હોય તે બાબતની તકરાર માટે હકક કાયમ રાખી હાલનો દાવો : ગામતળની મિલકત માટેનો છે. વાદીના પિતાને નામે ગીદરડી ગામે ગાતળમાં પણ ધણી મિલકતો આવેલી છે. તેમાં થી અમુક મિલકત વાદીના ભાઈ પ્રતિવાદી નં.૧ નાએ ગેરકાયદેસર રીતે જે તે ઈસમોને વાદીની સંમતિ વગર વાદીને વિશ્વાસમાં લીધા વગર અન્ય વારસદારોની સમ્મતી વગર સગેવગે કરી નાખી છે. વાદીના પિતાના અવસાન પછી વાદીના મોટાભાઈ હરીભાઈ કેશવજી વાદીને જુદા કરી નાખેલા અને અને જેતે સમયે પ્રતિવાદી નં.૨ તથા ૩ બંને નાની ઉંમરનાં હોય વાદીની સાથે રહેલા અને વાદી તેમનું તથા તેમના માતુશ્રીનું લાલન પાલન કરતાં હતાં. વાદીના માતુ શ્રી કુંવરબેન કેશવજીભાઈનું અવસાન આશરે ૧૯૭૪ માં થયેલ અને તેજ વર્ષમાં મૈયત પ્રતિવાદી નં.૨ ના વાદીએ લગ્ન કરી આપેલ અને લગ્ન પછી ૧૯૭૬ માં વાદીએ પ્રતિવાદી નં.૩ ના લગ્ન કરી આપેલા પછી તેજ વર્ષે મૈયત પ્રતિવાદી નં.૨ વાદીથી જુદા રહેવા જતા રહેલ અને તે પછી પ્રતિવાદી નં.૩ ના પણ વાદીથી જુદા રહેવા જતા રહેલા. આ રીતે વાદીએ મૈયત પ્રતિવાદી નં.૨, ૩ ના લગ્ન પ્રસંગો તથા શિક્ષણ તથા વાદીના માતુશ્રીના કારજ વિગેરે બધુ વાદીએ કરેલ છે.

વાદી દાવા અરજીમા વધુમા જણાવે છે કે, વાદીના પિતાની ગીદરડી ગામે નમુના નંબર ૨ માં ચાલતી અનુ. નંબર ૨૧ વાળી મિલકત વાદીના તેમના પિતા કેશવજીભાઈ જેઠાભાઈ ને તા.૬/૧/૧૩ ના હુકમથી કાયમ માટે પટાના હુકમથી આપવામાં આવેલ છે.

જેની નમુના નંબર ૨ મુજબ લંબાઈ ૪૯ ફુટ તથા પહોડાઈ ૨૪ વત્તા ૬ જેના કુલ ચોરસવાર ૧૩૩.૩૨૮ ચો.મી. ૧૧૧.૪૮.૪૦ થાય છે. સદર મિલકત વાદીના પિતાને નામે ચાલે છે અને આજેપણ સદર નમુના નંબર–બે મા વાદીના પિતાના નામે છે. આ મિલકતમાં તેઓ ભાઈ ભાડુઓ વચ્ચે સમજુતી મુજબ વાદી એક મકાન આશરે ૨૫ ફુટ પહોડું અને ૨૫ ફુટ લંબાઈમાં જેની આગળ ૨૫×૧૦ નું ફળીયું આવેલ છે તે તેમના કબજા ભોગવટામાં તેમના પિતાશ્રીનું અવસાન થયું ત્યારથી આવેલ છે અને તેનો કબજો ભોગવટો વાદી કરે છે અને આ મકાન ભાઈ ભાડુઓની સમજુતી મુજબ પણ વાદીને આપવામાં આવેલ છે અને હાલમાં આ મકાનની પશ્ચિમ દિવાલ ઓન સાલ વરસાદનાં કારણે પડી જતા વાદીએ સરકાશ્રી પાસે સહાય માંગેલ તે બાબતની તપાસ કરી વાદીને સરકારશ્રીએ વાદીને મકાન રીપેર કરવા રૂા.૧૮૦૦/–પણ સહાય માટે ચુકવેલ છે. તે મિલકત વાદીના કબજા ભોગવટામાં છે તે અંગેની તપાસ પણ માનનીય તાલુકા વિકાસ અધિકારીશ્રી તરફથી કરવામાં આવેલી છે તે ખરાઈ પછી વાદીને સહાય આપેલ છે. તે સદર મિલકતની ચતુઃસીમા નીચે જણાવ્યા મુજબની છે. પુર્વે–૧૨ફુટ x ૬૦ફુટ નું વાદીએ વિઠૃઠલદાસ મકનદાસ પાસેથી ખરીદ કરેલ હલાણ તથા હલાણનાં ઉત્તરે વાદીનો ખાંચો અને માંડણ જેઠાના મકાનો આવેલ છે અને તે પછી આગળ જતાં ગામતળનો રસ્તો તાતણીયાં પીપળવાનો આવેલો છે. પશ્ચિમે–તાંતણીયા –ભાંણીયા રોડ આવેલ છે ઉત્તરે–પ્રતિવાદી નં.૧ ના કબજા ભોવટાના મકાન છે. મકાનની દક્ષિણે–મચૈત પ્રતિવાદી નં. ૨ના વારસોના કબજાના મકાન છે અને તેમની પશ્ચિમે આવેલ રસ્તેથી અવર જવર કરવા પશ્ચિમ દિવાલમાં દરવાજો મુકેલ છે જયાંથી બંને પ્રતિ.૨ તથા ૩ ના ગામમાં અવર જવર કરે છે તે પછી તેના દક્ષિણે પ્રતિવાદી નં.૩ ના મકાન આવેલ છે તેપણ કેશવજી જેઠાની

માલિકીના મકાન છે. તે રીતે વાદીના કબજા ભોગવટાની વાદીના પિતાને નામે ચાલતી સદર મિલકત છે. તેને હવે પછી દાવાના કામે દાવાવાળી મિલકત તરીકે તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

વાદી દાવા અરજીમા વધુમા જણાવે છે કે, સદર વાદીના મકાનની પશ્ચિમ દિવાલ વરસાદના કારણે પડીજવા પામેલ હતી અને વાદીના સદર દાવાવાળી મિલકતથી ઉત્તર બાજુ વાદીના મકાનની સુવાગ દીવાલ નથી પરંતુ પ્રતિવાદી નં.૧ ની બેલાની બનાવેલી દીવાલ હતી અને દક્ષિણે વાદીની કાચી માંટી ગોરમટાની દિવાલ છે. પુર્વ બાજુની દિવાલમાં વાદીનુ બારણું છે ને તે બારણામાં વાદીનુ તાળું મારેલું હતું. પશ્ચિમ દિવાલ પડી જતા વાદીના મકાનનું આડસર તથા માંડણ પડી જવા પામેલ છે અને હાલમાં પણ વાદીના આડસર અને ટેકી, બારસાક, બે દરબાજા તથા કબાટ મકાનમાં પડેલા છે. વાદીનુ કબાટ મકાન પડી જવાથી માટીમાં દટાયેલું પડેલ છે. વાદી તા.૨૩/૧/૧૦ ના રોજ ખેતરે ગયેલ તે સમય દરમિયાન મોકો જોઈને પ્રતિવાદીઓએ મિલાપી થઈ મકાનમાં પુર્વે આવેલ વાદીના દરવાજામાં વાદીનુ તાળુ મારેલું તે તાળુ પ્રતિવાદીઓએ તોડી નાખી વાદીના સદર મકાનમાં ગેરકાયદેસર અપપ્રવેશ કરી વાદીના સદર દાવાવાળી મિલકતની પડી ગયેલી દીવાલનું ચણતર કરવા બેલા લાવીને મજુરો પાસે તથા જાતે પ્રતિવાદીનં.૧ તથા તેના પુત્ર રસિકભાઈ હરીભાઈ તથા મહેન્દ્ર પ્રાણલાલે બધાએ મિલાપી થઈને સદર મિલકતની પશ્ચિમ દિવાલના પાયા ગાળવાનું કામ ચાલુ કરેલ જેની વાદીને જાણ થતા વાદીએ તુરંત સ્થળ પર જઈ વાદીના પુત્ર જસમત ભાઈ સાથે પ્રતિવાદીઓને પાયો નહીં ગાળવા અને દીવાલનું ચણતર કામ નહી કરવા સમજાવેલ પરંતુ પ્રતિવાદીઓએ કાયદો

હાથ લેવાનું જણાતા અને વાદીને મારી નાખવાની ધમકી આપતા વાદીએ ખાંભા પોલીસમાં સદર બાબતે પ્રતિવાદીઓ તથા તેમના પુત્રોએ કરેલ ગેરકાયદેસર કૃત્ય માટે ફરીયાદપણ કરેલી છે. જેના કારણે પ્રતિવાદીઓએ એક દીવસ કામ બંધ રાખેલ પરંતુ હાલમાં ૨૬ જન્યુઆરીના કામે વ્યસ્ત હોય તે કારણે પોલીસે પ્રતિવાદીઓ સામે કોઈપણ આજ સુધી પગલા લીધા નહોય અને પ્રતિવાદીઓ માથાભારે હોય તેઓને સમજાવવા છતાં માનતા નથી અને વાદીના મકાનની પશ્ચિમ દીવાલ નું દબાણ કરી ચણતર કામ કરી વાદીના સદર મકાનનુ દબાણ કરી લેવાની પૈરવી કરી રહ્યા છે. પ્રતિવાદી નં.૩ ના અહીં હાલમાં રહેતા નથી પરંતુ તેમનો પણ આ પ્રતિવાદીઓને સાથ અને સહકાર ચઢામણી છે અને તેઓ પણ સદર વાદીના મકાનને દબાણ કરવા સાથ સહકાર આપી રહ્યા છે. જેથી તેમને હાલનાં કામે જોડેલા છે તેમજ મૈયત પ્રતિવાદી નં.૨ તથા ૩ ને તેમના મકાનથી પશ્ચિમે રોડ આવેલ છે અને તેમનો બંનેનો કાયદેસર પશ્ચિમ બાજુની મૈયત પ્રતિવાદી નં.૨ ની દીવાલમાં મુકેલ દરવાજામાંથી હલાણ છે અને ત્યાંથી કાયદેસર જતા આવતા આવ્યા છે તે રસ્તો હોવા છતાં તેઓ તેમનો ગેરકાયદેસર રીતે વાદીના મકાનની આગળ આવેલ ઓસરીમાં થઈ કોઈપણ જાતનો ત્યાં સુખાધિકારકે, હલાણનો અધિકાર ન હોવા છતાં વાદીની ઓસરી તથા વાદીના કાયદેસર ખરીદેલા રસ્તામાં થી રસ્તાનો હકક ઉભો કરવા માંગે છે જે કરવા પ્રતિવાદીઓને કાયદેસર કોઈ અધિકાર નથી. જેથી તેમને ગેરકાયદેસર અપકૃત્ય કરતાં અટકાવવા અને વાદીની દાવાવાળી મિલકત વાદી પાસેથી પચાવી પાડતા અટકાવવા હાલનો દાવો કરવો પડેલો છે.

વાદી દાવા અરજીમા વધુમા જણાવે છે કે, હાલમાં જમીન તથા મકાનોની બજાર

કીમત વધવા પામેલ છે અને પ્રતિવાદીઓ એક જુથવાળા અને માથાભારે અને લાગવગ વાળા છે અને વાદીને કાયદો હાથમાં લઈ થાય તે કરી લેવાની ધમકીઓ આપે છે અને વાદીએ તેમને સમજાવવા છતાં માનતા નથી અને સુંદર મકાન વાદીના કબજા ભગવટાનો અને વાદીના ભાગે આવેલ મકાન છે અને પ્રથમથી ઘરમેળે મોખિક દાવાવાળું મકાન વાદીને સોપવામાં આવેલ છે અને વાદીના કબજા ભોગવટામાં છે. પ્રતિવાદીઓને વાદી પાસેથી ગેરકાયદેસર રીતે ધાક ધમકી આપી દાવાવાળી મિલકત વાદી પાસેથી પડાવી લેવા કોઈપણ અધિકાર નથી અને જો વાદી પાસેથી દાવાવાળી મિલકત પ્રતિવાદીઓ પચાવી પાડે તો વાદીનો કાયદેસર કબજા ભોગવટા માલિકીનો હકક છીનવાઈ જાય તેમ છે, તે જ રીતે જો પ્રતિવાદી નં.૨ તથા ૩ ના વાદીની માલિકીનાં ઓસરી તથા રસ્તામાંથી તેઓને કોઈપણ હલાણ કે અવર જવર કરવાનો હકક ન હોવા છતાં હકક ઉભો કરે તો વાદીનો હકક છિનવાઈ જાય તેમ છે અને વાદી તેઓની માલિકીની મિલકતનો યથેચ્છ રીતે વાપર ઉપભોગ કરી શકે નહી તેથી વાદીની સ્વતંત્રતાનો હકક છીનવાઈ જાય તેમ છે. જેથી પ્રતિવાદીઓને દાવાવાળી મિલકતમાં કોઈ પણ જગ્યાએ કોઈપણ જાતનું ચણતર ન કરવા અને વાદીની દાવાવાળી મિલકતમાં કોઈપણ જાતનું દબાણ કે કૃત્ય કરવા કરાવા સામે તથા તેમના ગેરકાયદેસર હકક ઉભા કરતા અટકાવવા ન્યાયનાં હિતમા છે. જેથી હાલનો દાવો દાખલ કરી કાયમી તાકીદનો અને હકક સ્થાપન અંગેની પ્રતિવાદીઓ સામે માંગણી કરવી પડેલ છે.

**વાદીએ દાવા અરજીમા નીચે મુજબની દાદ માંગેલ છે,**

*(૧) આ દાવાના પારા નં.૩ માં જણાવેલ દાવા વાળી મિલકત (જુનું જર્જરીત મકાન) જેનું માપ આશરે ૨૫×૨૫ ફુટ તથા પુર્વે આવેલ*

*ઓશરી ૨૫×૧૦ ફુટ અને તેમજ હલાણનો રસ્તો આશરે ૬૦×૧૨ ફુટનો વાદીના કાયદેસરના કબજા ભોગવટા માલિકીના છે. તેમાં પ્રતિવાદીઓ કે કોઈનો પણ કોઈ લાગ, ભાગ હકક હિસ્સો નથી તેવું ઠરાવી આપવા તથા પ્રતિવાદીઓને વાદીના સદર દાવાવાળી મિલકતના કોઈપણ ભાગમાં કે મકાનની પશ્ચિમ દીવાલે પાયો ગાળવા, દીવાલ બનાવવા કે તે રીતે કોઈપણ ગેરકાયદેસર કૃત્ય કરવા અને તેમ કોઈપણ કૃત્ય કરી વાદીની મિલકત પર કબજો કે દબાણ કરવા, કરાવા કોઈ હકક કે અધિકાર નથી તેવું ઠરાવી આપવા દાદ માંગેલ છે.*

*(૨) આ કામના પ્રતિવાદીઓનો વાદીના સ્વતંત્ર કબજા ભોગવટાના વાદીના દાવાવાળા સદર મકાનની પુર્વે આવેલ ઓસરી ૨૫×૧૨ ફુટની તથા વાદીના સ્વતંત્ર માલિકીનાં ૧૨ x ૬૦ ફુટ ના હલાણમાં પ્રવેશવા પ્રતિવાદીઓને કોઈપણ અધિકાર કાયદેસર સુખાધિકાર, રસ્તાનો કે માર્ગ હકક કે, વાદીની સદર ઓસરીમાંથી નવેસરથી હલાણ કે રસ્તાનો હકક ઉભો કરવા કે તેમ કરી રસ્તા તરીકે વાપર ઉપભોગ કરવા કોઈ કાયદેસર હકક અધિકાર નથી તેવું ઠરાવી આપવા દાદ માંગેલ છે.*

*(૩) આ કામનાં પ્રતિવાદીઓ કે તેમનાં વતી દાડીયા, દપાડીયા, નોકર, ચાકર એજન્ટ કે કોઈપણ ઈસમ વાદીના સદર દાવાવાળા મકાનમાં, ઓસરીમાં તથા વાદીના મકાનથી પુર્વે આવેલ રસ્તામાં પ્રવેશ કરે કરાવે નહીં અને વાદીના દાવાવાળી મિલકતમાં તેની પશ્ચિમ દિશામાં કે કોઈપણ દીશામાં કે દીવાલમાં પાયો ખોદે નહીં કે ખોદાવી કોઈપણ*

*જાતનું ચણતર કામ કરે કરાવે નહીં અને તેમ કરી વાદીની દાવાવાળી મિલકતમાં મકાન, ઓસરી, રસ્તામાં દબાણ કરવા પ્રવેશ કરે, કરાવે નહીં અને તેમ કરવા કોઈપણ અપ કૃત્ય કરે કરાવે નહીં તેમજ વાદીની ઓસરી તથા વાદીના હલાણનો તેમનાં રસ્તા માટે વાપર ઉપભોગ કરે કરાવે નહી અને વાદીના હકકો છીનવાય તેવું કોઈ અપકૃત્ય કરે કરાવે નહીં તેમજ સદર દાવાવાળી મિલકતનાં વાદીના કબજા ભોગવટામાં કોઈ પણ જાતનું ડખલ અડચણ અવરોધ કરે કરાવે નહીં તેવો કાયમી પ્રતિવાદી વિરુધ્ધ વાદીના લાભમાં મનાઈ હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.*

*(૪) વાદી પ્રતિવાદીઓ સામે દાવો દાખલ કરવા નામદાર કોર્ટમાં આવેલ છે તે દરમિયાન જો પ્રતિવાદી વાદીની સદર દાવાવાળી કોઈપણ મિલકતમાં કોઈપણ અપકૃત્ય કરી, ચણતર કરી, દબાણ કરી લેતો તે પ્રતિવાદીઓએ કરેલ અપકૃત્ય કે દબાણ કે બાંધકામ તેમનાં ખર્ચે દુર કરી આપે તેવો હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.*

*(૫) આ કામે બીજી જે આનુષંગિક દાદ મળવા પાત્ર હોય તે આપવા દાદ માંગેલ છે.*

*(૬) આ દાવો પ્રતિવાદીના વાંકે કરવો પડેલો હોય દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા વાદીએ દાદ માંગેલ છે.*

**(૨)** વાદીની દાવા અરજી તળે પ્રતિવાદીઓને સમન્સ તથા નોટીસ કરતા પ્રતીવાદી નં.૧ અને પ્રતિવાદી નં.૨ તરફે આ કામે વાદીના દાવા અને મનાઈ અરજીનો સંયુક્તપણે જવાબ

આંક : ૧૫ થી રજુ  કરેલ છે. પ્રતિવાદી તેમના વાંધા જવાબમા જણાવે છે કે, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો તમામ મજકુર સર્વાશે ખરો નથી અને પ્રતિવાદીને કબુલ નથી દાવા અરજી પેરા ૩, ૪, ૫, ની તમામ હકીકતો ખરી નથી અને તે પ્રતિવાદીઓને કબુલ નથી. આ કામના વાદીએ દાવાના કામે પ્રતિવાદીના પિતા અને વાદીનાં પિતા કેશવજીભાઈ જેઠાભાઈના તમામ સહભાગદારોને દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલા નથી હાલમાં દાવાવાળી મિલકત પ્રતિવાદીના પિતા કેશવજી જેઠાભાઇનાં પૌત્રોના મજમુ કબજા છે અને તેઓ અવશ્યના પક્ષકાર હોય અને દાવામાં જોડેલા નહી હોય દાવો રદ થવા પાત્ર છે.

પ્રતિવાદી વધુમા તેમના વાંધા જવાબમા જણાવે છે કે, આ કામના વાદીએ દાવાવાળી મીલકતનુ વર્ણન માપ, ચતુસીમા જે દાવા અરજમાં લખાવેલ છે તે બાબત તેમને તકરાર નથી પરંતુ આ દાવાવાળી મિલકત ખંડેર પડી ગયેલી છે. પ્રતિવાદીના પિતાશ્રી કેશવજી જેઠાલાલની માલીકી નામવાળી છે તેની વહેંચણી તેઓ ભાઈઓ વચ્ચે કે તેઓના પિતા–માતા વચ્ચે થઈ નથી અને તે મજબુ સ્થિતિમાં પડી જવા પામેલ છે. વાદીના દાવા અરજીના કથન મુજબ આ દાવાવાળી મિલકત તેના પિતાશ્રીના અવસાનથી જેના કબજામાં સોંપાય હોવાનું અને વાદી તેનો એકલા જ કબજો ભોગવટો તેની હીસ્સાની મીલકત તરીકે કરતા હોવાનુ અને પ્રતિવાદીઓના પુત્રોનો તેમા હકક હિસ્સો નહીં હોવાનું અને તે મજમુ નહી હોવાનું વાદીનું કથન ખરુ નથી અને તે પ્રતિવાદીઓને કબુલ નથી. તેઓ ત્રણેય ભાઈના કબજામાં વાપર ઉપભોગ માટે એક એક મકાન છે અને સૌ સૌની રીતે વાપર ઉપભોગ રહેણાંક ઉપભોગ કરે છે પરંતુ દાવાવાળુ ખંડેર મકાન પડી ગયેલી હાલતમાં છે તેને વાદીનું તાળુ લગાવેલ હોવાનુ કે વાદીનો માલ સામાન એકલાનો હોવાનુ કે તેનો

કબજો તેનો એકલો હોવાનું ખરુ નથી અને તે પ્રતિવાદીઓને કબુલ નથી હાલમાં ખંડેરને રીપેર કરી દીવાલ અને ઝાંપો જંગલી પ્રાણીઓના ત્રાસથી બચવા કરવાની જરૂર પડતા પ્રતિવાદીનાં પુત્રોએ ચણતર કામ શરુ કરતા વાદીને તેમના એકલાનો ખોટો હક્ક ઉભો કરવાના હેતુથી પ્રથમ પોલીસમાં ખોટી ફરીયાદ આપી છે અને બાદમાં આ દાવો પ્રતિવાદીઓને માથાભારે અને ઝનૂની ગણી અને તેઓ ગેરકાયદે દબાણ કરતા હોવાનું જણાવી ખોટુ દાવાનું કારણ ઉભુ કરી આ દાવો કરેલ છે. વાસ્તવીક ખરી હકીકતે દાવાવાળી મિલકત પ્રતિવાદીના પિતાના નામે જ ચાલે છે. તેની વહેચણી તેઓને થઈ નથી તે તેઓના પિતાના બધા વારસદારોની મજમુ માલીકી અને કબજા ભોગવટાવાળી એટલે કે સુખાધિકારી હોય તેમા ઈજમેન્ટ એટલે કે સુખાધિકારી હકક નવેસર હકક ઉભો કરવાનો પ્રશ્ન ઉભો થતો નથી કારણ કે સુખાધિકારી હકક ત્રાહીતની માલીકીવાળી અને કબજાવાળી મીલકતમાં મળે છે અને પ્રાપ્ત થાય છે. ખુદ માલીકીની મોલકતમાં કે સહ માલીકીની મીલકતમાં સુખાધિકારી હકક કાયદામાં મળી શકે તેમ નથી. રસ્તાનો હકક ઉભો કરવાનો પ્રશ્ન રહેતો નથી અને રસ્તો વાદીના એકલાનો દટાયેલો કબાટ હોવાનુ કે તા. ૨૩/૧/૧૦ ના વાદી ખેતરે ગયા ત્યારે પાછળથી દબાણ કર્યાનુ અને ચણતર કર્યાનુ કે તેવી કોશીષ કર્યાનુ અને દાવાવાળુ ખંડેર વાદીને એકલાને સોંપ્યાનુ ખરુ નથી અને તે તેઓને કબુલ નથી આ મિલકત મજમુ કબજા ભોગવટાની છે.

પ્રતિવાદી વધુમા તેમના વાંધા જવાબમા જણાવે છે કે, દાવા અરજ પેરા–૬ માં જણાવ્યા મુજબ દાવાનું કારણ તા. ૨૩/૧/૧૦ નાં રોજ ઉત્પન્ન થયાનુ ખરુ નથી અને તે તેઓને કબુલ નથી. હકુમત, કોર્ટ ફી, અને સમય મર્યાદાના મુદા ફોર્મલ છે. દાવા અરજ

પેરા ૧૦ માં આવેલી દાદો મેળવવા વાદીને હકક નથી વાદીનો દાવો ખર્ચ સહ રદ થવા પાત્ર છે. દાવા સાથે રજુ થયેલ મનાઈ અરજનો મજકુર ખરો નથી અને તે તેઓને કબુલ નથી વાદીનો પ્રથમ દ્રષ્ટિ કેસ નથી દાવાવાળી મિલકત મજમુ છે પિતાના નામે ચાલે છે તેઓ પક્ષકાર વચ્ચે વહેચણી થયેલી નથી અને બધા પક્ષકારોનો ભાગ સમાયેલો છે તેની વાદીનો પ્રથમ દ્રષ્ટિ કેસ નથી વાદીને મનાઈ હુકમ માંગવાનુ કોઈ જરૂરત નથી કે વાદીને કોઇ નુકશાની કે હાડમારી નથી મનાઈ હુકમ આપવાથી તેઓનો મજમુ હકક અને કબજો ઝુંટવાઈ જાય અને તેઓને વિશેષ હાડમારી થાય અને નાણાના સ્વરૂપમાં વિશેષ હાડમારી થાય તેમ છે. તેથી વાદીની મનાઈ અરજ ખર્ચ સહ રદ થવા પાત્ર છે. આથી રદ કરવા અરજ ગુજારેલ છે.

આ કામે આંક –૫૭ થી પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ અને આંક–૮૬ થી પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪, ૧/૬ તરફે જે વાંધા જવાબ રજુ કરવામા આવેલ છે તે આંક–૧૫ થી પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ રજુ કરેલ વાંધા જવાબની હકીકતોને મહદઅંશે દોહરાવેલ છે.

(૩) વાદીની દાવા અરજી તથા પ્રતિવાદીઓના લેખિત જવાબના આધારે દાવા અરજીના ન્યાય નિર્ણય અર્થે આંક–૯૩ થી મુદ્દાઓનું ઘડતર કરેલ છે.

**: મુદ્દાઓ :**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા (૩) મા જણાવેલ મિલકત પૈકી ભાઇઓ ભાઇઓ વચ્ચેની આંતરિક સમજુતીથી એક મકાન ગીદરડી ગામે નમુના નંબરઃ૨ મા ચાલતી અનુ. નં. ૨૧ વાળી મિલકત જેની લંબાઇ ૪૯ ફુટ તથા પહોળાઇ ૨૪ વત્તા ૬ જેના કુલ ચોરસ વાર ૧૩૩.૩૨૮ ચો.મી. ૧૧૧.૪૮.૪૦ છે જે વાદી પ્રતિવાદીના

પિતાના અવસાન સમયથી વાદીના કબજા ભોગવટામા આવેલ છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, ઉપરોકત વાદગ્રસ્ત જમીનની પુર્વ તરફ વાદીએ ખરીદેલ ૧૨×૬૦ કુટનુ હલાણ આવેલ છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, ઉપરોકત વાદગ્રસ્ત જમીનની દક્ષીણ તરફ આવેલ પ્રતિવાદી નં.ર ના મકાનની પશ્ચિમ દિવાલમા દરવાજો મુકવામા આવેલ છે જયાંથી પ્રતિવાદી નં.ર અને ૩ પશ્ચિમે આવેલ રસ્તેથી અવર જવર કરે છે?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓને વાદગ્રસ્ત મિલકતની આગળ આવેલ ઓસરીમાંથી આવવા જવાનો કોઇ અધિકાર નથી?

(૫) શું વાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડે છે?

(૬) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીમા માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૭) શું હુકમ અને હુકમનામું?

**ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના તારણો નીચે મુજબ છે.**

૧... અંશતઃહકારમાં

૨... નકારમાં

૩... નકારમાં

૪... હકારમાં

૫... નકારમાં

૬... અંશતઃ હકારમાં

૭... આખરી હુકમ મુજબ

**દાવાના કામે રજુ પુરાવાઓ**

(૪) વાદી તરફે નીચે મુજબના પુરાવાઓ રજુ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| 1. | વાદી હિંમતભાઈ કેશવજીભાઈ તરસરીયાનુ સરતપાસનુ સોગંદનામુ | ૧૦૨ |
| 2. | પંચનામુ | ૧૧૩ |
| 3. | કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ નકશો | ૧૧૪ |
| 4. | ગામ નમુના નં.૨ | ૧૧૫ |
| 5. | પેઢીનામુ | ૧૧૬ |
| 6. | વાદી તરફે સાહેદ ઘોડાદરા બાલુભાઈ જીવાભાઈનુ સરતપાસનુ સોગંદનામુ | ૧૧૭ |

(૫) પ્રતિવાદીઓને તક આપવા છતાં કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૬) વાદી તરફે આંક–૧૨૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે. ત્યાર બાદ વાદી તરફે દલીલ સાંભળવામા આવેલ છે અને વાદીના વિ. વ.શ્રીએ પોતાની દલીલમા જણાવેલ છે કે, વાદીએ મુદ્દા મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરી પુરવાર કરેલ હોવાથી હાલનો દાવો ખર્ચ સહ મંજુર કરવા અરજ ગુજારેલ છે. પ્રતિવાદીઓ તરફે દલીલના તબક્કે કોઈ હાજર રહેલ ન હોય પ્રતિવાદીઓનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**: : પુરાવાઓનુ મુલ્યાંકન અને કારણો : :**

આ કામે પક્ષકારો દવારા રજુ કરવામા આવેલ પુરાવાઓનુ મુલ્યાંકન કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ ધ્યાને લેવી જરૂરી છે. જે ધ્યાને લેવામાં આવે

તો, જો કોઈ વ્યકિત એમ ઈચ્છતી હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતી ના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિષે ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. ઉપરોકત જોગવાઈ ઘ્યાને લેતા આ અદાલત સમક્ષ વાદીએ દાખલ કરેલ દાવા અરજીમાં જણાવેલ હકીકત અંગે જયારે પ્રતિવાદીઓએ વાંધો, વિરોધ વ્યકત કરેલ હોય ત્યારે તેવી બાબતો વાદી દ્વારા હકારાત્મક રીતે પુરવાર થવી જાઈએ પરંતુ તે નકારત્મક રીતે ના સાબિત થવી જરૂરી નથી અને વાદીએ પોતાનો કેસ પોતાની રીતે પોતાના દસ્તાવેજોના આધારે શ્રેષ્ઠ પુરાવો રજુ કરી પુરવાર કરવો જોઈએ. વાદી પોતાનો કેસ પુરવાર કરવા માટે પ્રતિવાદીની નબળાઈનો લાભ લઈ શકે નહીં કારણ કે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ નો પ્રારંભીક નિયમ અપરિવર્તન શીલ છે. જેથી કલમ–૧૦૨ મુજબ પ્રારંભીક બોજો હંમેશા વાદીના શીરે છે અને જો વાદી તેનું પાલન કરે અને પોતાનો દાવો હકારાત્મક રીતે સાબિત કરે ત્યારે પ્રતિવાદીના શીરે એવા સંજોગો પુરવાર કરવાનો બોજો તબદીલ થાય છે કે જેથી તે એવું સાબીત કરી શકે કે વાદીએ તેના દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ માગવા માટે હકદાર નથી. ઉપર મુજબની જોગવાઈ ઘ્યાને લેતા કોઈ પક્ષકાર ઈચ્છતો હોય કે કોર્ટ પોતાની તરફેણમાં ચુકાદો આવે તેવું ત્યારે તેવી હકીકત અને આક્ષેપ તે વ્યક્તિએ પુરવાર કરવા જરૂરી છે અને જેથી જયારે કોઈપણ પક્ષકાર પોતાનાં કબજામાં રહેલો શ્રેષ્ઠ પુરાવો રજુ કરેલ ન હોય ત્યારે પુરાવાનો બોજો ભલે બીજા પક્ષકારના શીરે હોય તો પણ આવો શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરનાર પક્ષકારની વિરૂઘ્ધનું અનુમાન થાય તે મુજબની જોગવાઈ ઘ્યાને રાખી પક્ષકારો દવારા રજુ પુરાવાઓનુ મુલ્યાંકન હવે પછી કરવામા આવેલ છે.

**(૭) મુદ્દા નં.૧ અંગેના કારણો...**

વાદી મુદ્દા નં.૧ પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે ચર્ચા કરવામાં આવેતો સૌપ્રથમ પ્રતિવાદી નં.૧ અને પ્રતિવાદી નં.૨ દ્વારા દ્વારા આંક–૧૫ થી રજુ વાંધા જવાબ ધ્યાને લેતા પ્રતિવાદીઓ દ્વારા તેઓના પિતાની મિલકતની વહેંચણી થયેલ હોવાનો ઈનકાર કરેલ છે પરંતુ સાથે સાથે ત્રણેય ભાઈના કબજામાં વાપર ઉપભોગ માટે એક એક મકાન આવેલ હોવાની હકીકત સ્પષ્ટ સ્વીકારેલ છે. વાદી દ્વારા આ મકાન તેઓના પિતાના અવસાન બાદથી વાદીના કબ્જા ભોગવટામાં આવેલ હોવાનો મૌખિક પુરાવો રજુ રાખેલ છે જે પુરાવાને પ્રતિવાદી તરફે પડકારવામાં આવેલ નથી. આમ દાવા અરજીના પેરા (૩)માં દર્શાવેલ મિલકતો પૈકી વાદીના કબ્જાવાળું પડી ગયેલ હાલતમાં આવેલ મકાન વાદી તેઓના પિતાના અવસાન બાદથી કબજો ધરાવતા હોવાની હકીકત પુરવાર થયેલ જણાય છે. વાદી તરફે દાવા અરજીના પેરા (૩) માં ઉપરોક્ત મકાન ઉપરાંત મકાનની આગળ ૨૫x૧૦ ફૂટનું ફળિયું તથા વાદીએ વિઠ્ઠલદાસ મકનદાસ પાસેથી ખરીદ કરેલ ૧૨ x ૬૦ ફૂટનું હલાણ પોતાના કબ્જા અને માલિકીના હોવાનો દાવો કરેલ છે પરંતુ વાદી તરફે ફળિયું માત્ર તેઓની એકલાની માલિકી અને કબ્જા ભોગવટાનું હોવાની હકીકત પુરવાર કરવા માત્ર પોતાના મૌખિક પુરાવા પર આધાર રાખેલ છે જે પુરતો પુરાવો જણાય આવતો નથી. આ ઉપરાંત વાદી તરફે ૧૨ x ૬૦ ફૂટનું હલાણ ખરીદ કરેલ હોવાની હકીકત પુરવાર કરવા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ હોય અથવા તે હલાણ વિઠ્ઠલદાસ પાસેથી ખરીદ કરેલ હોવાનું જણાવતા હોય વિઠ્ઠલદાસને કે તેઓના કોઈ વારસને સાહેદ તરીકે તપાસેલ હોય તેવું જણાય આવતું નથી અને જેથી વાદી દાવા અરજીના પેરા (૩) માં જણાવેલ વાદગ્રસ્ત મિલકતો પૈકી માત્ર મકાન તેઓના કબ્જા ભોગવટામાં આવેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ હોવાનું જણાય આવતું હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ

અંશતઃ હકારમાં ઠરાવવામાં આવે છે.

**(૮) મુદ્દા નં.૨ અને મુદ્દા નં.૩ અંગેના કારણો...**

રેકર્ડ ધ્યાને લેતા મુદ્દા નં.૨ અને મુદ્દા નં.૩ એકબીજા સાથે આંતરિક રીતે સંકળાયેલ હોય પુનરાવર્તનનો દોષ ટાળવા બન્ને મુદ્દાની ચર્ચા સાથે કરવામાં આવેલ છે. આ કામના વાદી ઉપરોક્ત બન્ને મુદ્દા પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે ચર્ચા કરવામાં આવેતો વાદગ્રસ્ત જમીનની પૂર્વ તરફ હલાણ આવેલ હોવાનું તથા વાદગ્રસ્ત જમીનની દક્ષીણ તરફ આવેલ પ્રતિવાદી નં.૨ ના મકાનની પશ્ચિમ દિવાલમા દરવાજો મુકવામા આવેલ હોય પ્રતિવાદી નં.૨ અને ૩ પશ્ચિમે આવેલ રસ્તેથી અવર જવર કરતા હોવાની હકીકત જણાવે છે પરંતુ તે હકીકત પુરવાર કરવા વાદી તરફે પોતાના મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ રાખેલ નથી. અત્રે એ હકીકત નોંધનીય છે કે વાદીની અરજીના આધારે વાદગ્રસ્ત સ્થળનું કોર્ટ કમિશ્નર દ્વારા પંચનામું કરવામાં આવેલ છે અને આંક–૧૧૩ થી રજુ કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવેલ વાદગ્રસ્ત જગ્યાનું પંચનામું તથા આંક–૧૧૪ થી કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ વાદગ્રસ્ત જગ્યાનો નકશો વાદીની અરજીના આધારે આંકે પાડી રેકર્ડ પર લેવામાં આવેલ છે. હવે આંક–૧૧૩ થી રજુ વાદગ્રસ્ત જગ્યાનું પંચનામું તથા આંક–૧૧૪ નકશો ધ્યાને લેવામાં આવેતો વાદીના મકાનની પૂર્વ બાજુ હલાણ આવેલ હોય તથા પ્રતિવાદી નં.૨ ના મકાનની પશ્ચિમ દિવાલમા દરવાજો મુકવામા આવેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. અત્રે એ હકીકત નોંધનીય છે કે વાદી તરફે આંક–૧૬ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલ હતા પરંતુ વાદી તરફે રજુ વાંધા ફક્ત પુરાવાના સ્ટેજે નિર્ણિત થઈ શકે તેમ હોય તે વાંધા પંચનામાં તથા નકશા સાથે રાખવાનો હુકમ કરી કોઈ આખરી નિર્ણય કરવામાં

આવેલ ન હતો. વાદી તરફે પુરાવાના સ્ટેજે પોતે ઉપરોક્ત પંચનામું તથા નકશો કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા દાવાના પક્ષકારો અને પંચોની હાજરીમાં તૈયાર કરવામાં આવેલ હોવાનું જણાવી તેમાં વાદગ્રસ્ત મિલકતને લગત જરૂરી માહિતી હોય આંકે પાડવા અરજ ગુજરેલ હોય અત્રેની કોર્ટ દ્વારા ઉપરોક્ત બન્ને દસ્તાવેજોને આંકે પાડી રેકર્ડ પર લીધેલ છે. આમ ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા વાદી તરફે પુરાવાના તબક્કે આંક–૧૧૩ થી રજુ વાદગ્રસ્ત જગ્યાનું પંચનામું તથા આંક–૧૧૪ થી રજુ નકશા વિરુદ્ધ કોઈ વાંધા લીધેલ હોય અથવાતો તેમાં જણાવેલ હકીકતો પડકારવા કોર્ટ કમિશ્નરશ્રીને સાહેદ તરીકે તપાસવા કોઈ અરજી આપેલ હોય તેમ જણાય આવતું નથી અને જેથી સિવિલ પ્રોસીજર કોડ ઓ.૨૬ રુલ ૧૦(૨) મુજબ કોર્ટ ઉપરોક્ત બન્ને દસ્તાવેજોને પુરાવા તરીકે ધ્યાને લેવાના રહે છે અને અગાઉ નોંધેલ છે તે મુજબ આંક–૧૧૩ થી રજુ વાદગ્રસ્ત જગ્યાનું પંચનામું તથા આંક–૧૧૪ નકશો ધ્યાને લેવામાં આવેતો વાદીના મકાનની પૂર્વ બાજુ હલાણ આવેલ હોય તથા પ્રતિવાદી નં.૨ ના મકાનની પશ્ચિમ દિવાલમા દરવાજો મુકવામા આવેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. આ ઉપરાંત મુદ્દા નં.૧ નિર્ણિત કરતી વખતે કરેલ ચર્ચા મુજબ વાદી વાદગ્રસ્ત હલાણ ખરીદ કરેલ હોવાની હકીકત પણ પુરવાર કરી શકેલ નથી. આમ ઉપરોક્ત હકીકતો ધ્યાને લેતા વાદી મુદ્દા નં.૨ પુરવાર કરી શકેલ ન હોય જેથી મુદ્દા નં.૨ અને મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**(૯) મુદ્દા નં.૪ અંગેના કારણો...**

વાદી મુદ્દા નં.૪ પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે ચર્ચા કરવામાં આવેતો વાદી આંક ૧૩ થી કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવેલ પંચનામું તથા આંક–૧૧૪ નકશો ધ્યાને લેવામાં આવેતો માત્ર વાદગ્રસ્ત મકાન અને ઓસરી વચ્ચે દરવાજો આવેલ હોવાનું

જણાય આવે છે. આ કામના અન્ય પ્રતિવાદીઓના મકાનમાંથી ઓસરીમાં જવા માટે કોઈ દરવાજા રાખવામાં આવેલ હોય તેવું જણાય આવતું નથી અને તેના કારણે વાદગ્રસ્ત મકાનની ઓસરી વાદીના મકાનનો સંયુક્ત હિસ્સો હોવાનું અને વાદીના કબ્જા ભોગવટામાં આવેલ હોવાનું જણાય આવે છે. આ કામના પ્રતિવાદીઓ તરફે સદર ઓસરી માંથી પસાર થયા સિવાય જાહેર રોડ પર પહોંચી શકાતું ન હોય તેવો કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી અને જેથી મુદ્દ નં.૪ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**(૧૦) મુદ્દા નં.૫ અંગેના કારણો...**

હાલના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે કે કેમ તે અંગે ચર્ચા કરવામાં આવેતો વાદી દ્ધારા હાલના દાવામાં વાદીએ તેઓના પિતાના તમામ વારસદારોને પક્ષકાર તરીકે જોડેલ ન હોય હાલના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડતો હોવાની તકરાર લીધેલ છે પરંતુ રેકર્ડ ધ્યાને લેતા દાવાનું કારણ ફક્ત આ કામના પ્રતિવાદીઓના કૃત્યને કારણે ઉદ્ભભવેલ હોવાનું જણાતું હોય જેથી હાલના દવામાં તમામ વારસો જરૂરી પક્ષકારો જણાય આવતા નથી અને જેથી મુદ્દા નં.૫ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**(૧) મુદ્દા નં.૬ અંગેના કારણો...**

આ કામના વાદી વાદગ્રસ્ત મિલકતો પૈકી ફક્ત પડી ગયેલ મકાન તથા તેને અડીને આવેલ ઓસરી તેઓના કબ્જા ભોગવટાની હોવાનું પુરવાર કરી શકેલ હોય જેથી મુદ્દા નં.૬ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવી મુદ્દા નં.૭ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાંઆવે છે.

**: : <u>આખરી હુકમ</u> : :**

- વાદીનો દાવો અંશતઃ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આ દાવાના પારા નં.૩ માં જણાવેલ દાવા વાળી મિલકત (જુનું જર્જરીત મકાન) કે જેનું માપ કોર્ટ કમિશ્નરશ્રીના પંચનામા મુજબ આશરે ૨૨ x ૧૭ ફુટ તથા પુર્વે આવેલ ઓશરી ૭.૫ ફુટ છે તે મિલકતો વાદીના કાયદેસરના કબજા ભોગવટા માલિકીના હોવાનું ઠરાવવામાં આવે છે.
- આ દાવાના પારા નં.૩ માં જણાવેલ દાવાવાળી મિલકત ઓસરી કે જેનું માપ કોર્ટ કમિશ્નરશ્રીના પંચનામા મુજબ આશરે ૭.૫ ફુટ છે તે ઓસરીમાંથી પ્રતિવાદીઓ ને રસ્તાનો હકક ઉભો કરવા કે તેમ કરી રસ્તા તરીકે વાપર ઉપભોગ કરવા કોઈ કાયદેસર હકક અધિકાર ન હોવાનું ઠરાવવામાં આવે છે.
- આ દાવાના પારા નં.૩ માં જણાવેલ દાવા વાળી મિલકત (જુનું જર્જરીત મકાન) જેનું માપ કોર્ટ કમિશ્નરશ્રીના પંચનામા મુજબ આશરે ૨૨ x ૧૭ ફુટ તથા પુર્વે આવેલ ઓશરી ૭.૫ ફુટ છે તે મિલકતોની કોઈપણ દીશામાં કે દીવાલમાં પાયો ખોદે નહીં કે ખોદાવી કોઈપણ જાતનું ચણતર કામ કરે કરાવે નહીં અને તેમ કરી વાદીની દાવાવાળી મિલકતમાં મકાન, ઓસરીમાં દબાણ કરવા પ્રવેશ કરે–કરાવે નહીં અને અને વાદીના હકકો છીનવાય તેવું કોઈ અપકૃત્ય કરે કરાવે નહીં તેમજ સદર દાવાવાળી મિલકતના વાદીના કબજા ભોગવટામાં કોઈ પણ જાતનું ડખલ અડચણ અવરોધ કરે કરાવે નહીં તેવો પ્રતિવાદીઓ વિરુધ્ધ વાદીના લાભમાં કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.
- પક્ષકારોએ પોત – પોતાનો ખર્ચ જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ તા.૧૬ માહે ઓગષ્ટ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં

વાંચી સંભળાવી જાહેર કર્યો.

**ખાંભા.** **(મોહંમદકામીલ એ. મલેક)**
**તા.૧૬/૦૮/૨૦૨૪** **પ્રિન્સીપાલ સીવીલ જજ**
**ખાંભા, જિ. અમરેલી.**
**કોડ નં. જી.જે. ૦૧૪૩૫**